તંત્રીશ્રીની કલમે

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ચીન રશિયાની મદદ કરી રહ્યું છે

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ચીન રશિયાની મદદ કરી રહ્યું છે અને રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૩માં રશિયાની ૯૦ ટકા માઈક્રો-ઈલેક્ટ્રોનિક આયાત ચીનથી આવશે, જેનો ઉપયોગ રશિયા મિસાઈલ, ટેક્ર અને એરક્રાફ્ટ બનાવવા માટે કરશે પૂર્ણ બીજી તરફ યુક્રેન શસ્ત્રો માટે તલપાપડ છે. યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન, ચીન રશિયાને તેના સંરક્ષણ ઔદ્યોગિક ક્ષેત્રને એટલા મોટા પાયે વિસ્તરણ કરવામાં મદદ કરી રહ્યું છે કે મોસ્કો હવે સોવિયત યુગ પછીની સૌથી મોટી સેનાનું નિર્માણ કરી રહ્યું છે. એક અધિકારીએ દાવો કર્યો છે કે ચીન અને રશિયા રશિયાની અંદર ડ્રોન બનાવવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. હકીકતમાં, ચીનના સમર્થનથી યુક્રેન પર હુમલો કરવાનું ચાલુ રાખવાની રશિયાની ક્ષમતા પર અસર પડી રહી છે, જ્યારે બીજી તરફ, યુક્રેનની સેના શસ્ત્રોની અછતથી પીડાઈ રહી છે, રિપોર્ટ અનુસાર, આ અઠવાડિયે યુએસ યુરોપિયન કમાન્ડના કમાન્ડર જનરલ ક્રિસ કેવોલીએ ધારાસભ્યોને જણાવ્યું હતું. બે વર્ષ પહેલાં યુક્રેન પર આક્રમણ કર્યું ત્યારથી રશિયા તેની સૈન્યને પુનઃસંગઠિત કરવામાં "ખૂબ જ સફળ" રહ્યું છે, અને ઉમેર્યું હતું કે રશિયાની સેના તેના આક્રમણ પહેલાની સરખામણીમાં "નોંધપાત્ર રીતે મોટી" થઈ ગઈ છે. ઉપરાંત, અમેરિકન અધિકારીએ કહ્યું કે રશિયા તેની શક્તિમાં આટલી ઝડપથી વધારો કરવા માટે મોટાભાગે ચીન જવાબદાર છે. એક બીજા અધિકારીએ જણાવ્યું કે, ચીન-રશિયાની આ ગહન ભાગીદારીને કારણે ૨૦૨૩ સુધીમાં રશિયાની ૯૦ ટકા માઈક્રો-ઈલેક્ટ્રોનિક આયાત ચીનથી આવશે, જેનો ઉપયોગ રશિયાએ મિસાઈલ, ટેક્ર અને એરક્રાફ્ટ બનાવવા માટે કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રશિયાના આર્ટિલરી શેલોનું ઝડપથી વિસ્તરતું ઉત્પાદન મોટાભાગે ચીનમાંથી આવતા નાઈટ્રોસેલ્યુલોઝને કારણે છે. આ મહિનાની શરૂઆતમાં, ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેને, દેશની મુલાકાત દરમિયાન, ચીનને ચેતવણી આપી હતી કે જો ચીની કંપનીઓ યુક્રેન યુદ્ધ દરમિયાન રશિયાને ટેકો આપશે તો તેના આકરા પરિણામો આવશે.

હવે બ્રિટનમાં સંબંધીઓને ફેમિલી વિઝા પર સ્પોન્સર કરવાનું મોંઘુ થશે

લંડન,

બ્રિટને પોતાના સંબંધીઓને ફેમિલી વિઝા પર સ્પોન્સર કરવા ઈચ્છતા લોકો માટે જરૂરી લઘુતમ આવકની મર્યાદામાં ગુરૂવારથી ૫૫ ટકા જેટલો જંગી વધારો કર્યો છે. બ્રિટનના આ નિર્ણયને પગલે ભારતીય સહિત અન્ય મૂળના બ્રિટિશ નાગરિકો તથા વસાહતીઓ માટે ફેમિલી વિઝાના માધ્યમથી પોતાના સંબંધીઓને સ્પોન્સર કરવાનું મુશ્કેલ બનશે. ગયા વર્ષે સરકાર દ્વારા જાહેર કરાયેલ પગારની મર્યાદામાં વધારો કરાયાને પગલે આ નિર્ણય લેવાયો છે. ગુરૂવારથી અમલી બનેલા આ નવા વધારાને પગલે ફેમિલી વિઝાના માધ્યમથી પોતાના કોઈ સંબંધીને યુનાઈટેડ કિંગડમ બોલાવવા માટે સ્પોન્સરશિપ કરવા ઈચ્છતા વ્યક્તિનું લઘુતમ વાર્ષિક વેતન ૨૯,૦૦૦ પાઉન્ડ હોવું ફરજિયાત બનાવાયું છે. અગાઉ આ શ્રેણી હેઠળ લઘુતમ વાર્ષિક વેતન ૧૮,૬૦૦ પાઉન્ડ હતું. આવતા વર્ષથી આ વેતનની આ લઘુતમ જરૂરિયાતને સ્કીલ્ડ વર્કર વિઝાની શ્રેણી માટે નક્કી કરાયેલી ૩૮,૭૦૦ પાઉન્ડની ટોચમર્યાદાને સમકક્ષ બનાવવા તેમાં પણ બે ગણો વધારો કરાશે. બ્રિટનના ગૃહ વિભાગે આ નવા નિયમો અંગે જણાવ્યું હતું કે, દેશમાં કાયદેસરના વસાહતીઓની સંખ્યા પર નિયંત્રણ મુકવા તથા અહીં આવતા લોકો દેશના કરદાતાઓ પર ભારરૂપ ના બને તે માટે વડાપ્રધાન રિશી સુનક તથા ગૃહ મંત્રી જેમ્સ ક્લેવરલીની યોજના અંતર્ગત તેનો અમલ કરાયો છે. ક્લેવરલીએ જણાવ્યું હતું કે, વિદેશી વસાહતીઓના મામલે હવે આપણી ટોચમર્યાદા આવી ગઈ છે. જોકે જ્યારે આ યોજના બ્રિટિશ સંસદમાં રજૂ કરાઈ ત્યારે બ્રિટનના વિરોધ પક્ષો દ્વારા તેની આકરી ટીકા કરાઈ હતી. સુનકે આ નવા નિયમો અંગે જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ તેમના પરિવારના લોકોને આ દેશમાં લાવવા ઈચ્છતા હોય તો તેઓ તેમને મદદ કરી શકે તેટલાં સક્ષમ હોવા જોઈએ. અમે વેતનની ટોચમર્યાદામાં બે તબક્કામાં નોંધપાત્ર વધારો કરી રહ્યાં છીએ. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, લઘુતમ આવકની જરૂરિયાતમાં કરાયેલો વધારો તબક્કાવાર અમલી બનાવાયો હોઈ તેનાથી સ્પોન્સર કરનાર પરિવારો આયોજનપૂર્વક વિઝાની પ્રક્રિયામાં આગળ વધી શકશે અને બ્રિટન આવતા તેમના પરિવારોની આર્થિક સલામતી સુનિશ્ચિત બનશે. બ્રિટને લિન્ડી કેમરુનની ભારતમાં પોતાના નવા રાજદૂત તરીકે નિયુક્તિ કરી છે. લિન્ડી કેમરૂન એલેક્સ એલિસનું સ્થાન લેશે. એલેક્સ એલિસની વિદેશ વિભાગની અન્ય સેવામાં બદલી કરાશે. લિન્ડી કેમરુપ ભારતની બ્રિટિશ હાઈકમિશનર તરીકે નિયુક્ત પ્રથમ મહિલા છે. લિન્ડી કેમરૂન આ મહિનામાં પોતાની જવાબદારી સંભાળી લેશે. એ ૨૦૨૦થી યુકેના નેશનલ સાયબર સિક્યોરિટી સેન્ટરના ચીફ એક્ઝિક્યુટિવ તરીકે કાર્યરત છે.

તેલુગુ ફિલ્મ 'યેવાડુ' ફિલ્મ જોઈ પ્રેમીના મનમાં એક ખતરનાક કાવતરાએ જન્મ લીધો

હૈદરાબાદ, ૨૬ નવેમ્બર ૨૦૧૭ માં હૈદરાબાદમાં એક હત્યા થઈ. હત્યાનો આ એવો બનાવ હતો કે ઉચ્ચ પોલીસ અધિકારીઓને વિચારવા માટે મજબૂર કરી દીધા. હૈદરાબાદમાં સ્વાતિ તેના પતિ સુધાકર રેડ્ડી, બે બાળકો અને માતા પિતા સાથે રહેતી હતી. ૩૨ વર્ષનો સુદાકર ૨૭ વર્ષની સ્વાતિને પ્રેમ પણ ખૂબ કરતો હતો. સુધાકરને કામ માટે અવારનવાર બહાર જવું પડતું હતું. એકલતા અનુભવતી સ્વાતિની મુલાકાત સી રાજેશ રેડ્ડી નામના શક્સ સાથે થઈ. એક ખાનગી હોસ્પિટલમાં ફિઝીયોથેરાપિસ્ટની નોકરી કરતો રાજેશ કુવારો હતો. મોડી રાત સુધી બન્નેની ફોન પર વાતો ચાલતી હતી. વાતો વધતા મુલાકાત શરૂ થઈ અને બન્ને વચ્ચે એક અનૈતિક સંબંધની શરૂઆત થઈ. રાજેશ સ્વાતિ પર ગાંડાની જેમ ફીદા હતો. તેની દરેક વાત માનતો હતો. બન્નેને અલગ રહેવું મુસ્કેલભર્યું લાગતું હતું. સ્વાતિએ એક દિવસ ટીવી પર તેલુગુ ફિલ્મ યેવાડુ જોઈ અને ફિલ્મ જોઈને તેના મનમાં એક ખતરનાક કાવતરાએ જન્મ લીધો. આ પ્લાન સુધાકરને રસ્તામાંથી હટાવવાનો હતો, તેની હત્યા કરવાનો હતો.

એક દિવસ સુધાકર મીઠી ઉંઘમાં હતો. સ્વાતિ અને રાજેશે તેને એનેસ્થિસીયાનું ઈંજેકશન લગાવી દીધું. સુધાકર બેહોશ થઈ ગયો. બાદમાં બન્નેએ મળીને સુધાકરનું ગળુ દબાવીને તેની હત્યા કરી નાંખી. તમેણે લાશને ઉપાડી અને મહેબુબનગરના જંગલોમાં લઈ જઈને સળગાવી દીધી. બન્નેની જીંદગીમાંથી સુધાકર નામનો કાંટો નીકળી ગયો હતો. હવે પ્લાન નંબર બે નો વારો હતો. ૨૮ નવેમ્બરે બન્ને ફરીથી મળ્યા. પ્લાન મુજબ સ્વાતિએ રાજેશના ચહેરાને તેજાબથી સળગાવી દીધો. રાજેશે પણ ખુશ થઈને ચહેરા પર તેજાબ નંખાવી દીધો. પ્લાન એટલો મજબૂત હતો કે ક્યારે શું અને કેવી રીતે કરવાનું છે. પહેલેથી બધુ નક્કી હતું. ક્યાં સારવાર કરાવવાની છે કેટલો ખર્ચ થશે વગેરે માહિતી પહેલેથી મેળવી લેવાઈ હતી.

રાજેશનો ચહેરો તેજાબથી સળગાવ્યા બાદ સ્વાતિએ સુધાકરના પરિવારજનોને ફોન કર્યો. તેણે તેમને કહ્યું કે કોઈએ સુધાકર પર તેજાબ ફેંક્યો છે અને તે તેને લઈને હોસ્પિટલ લઈને જઈ રહી છે. સુધાકરના માતાપિતા અને સંબંધીઓ હોસ્પિટલ પહોંચ્યા. સુધાકરના પિતાએ ડોક્ટરને કહી દીધું કે ભલે ગમે તેયલા પૈસા થાય તેના દિકરાનો જીવ બચવો જોઈએ. પરંતુ તેમને ક્યાં ખબર હતી કે જેમને તે પોતાનો સુધાકર સમજે છે એ તો કોઈ બીજો જ છે.

સુધાકર બનીને હોસ્પિટલમા બેડ પર ઉંઘી રહેલા રાજેશની સર્જરી થઈ. હાલત પણ પહેલા કરતા સારી થઈ ગઈ. સબંધીઓ ખબર પુછવા આવવા લાગ્યા. જોકે તે સમયે તેની હરકતોને કારણે તેમના મનમાં એક સંકા પેદા થઈ. પોતાના જ સંબંધીઓને તે ઓળખી શકતો ન હતો. સ્વાતિ હંમેશા તેની સાથે રહેતી હતી પરંતુ ન તો તેને જૂની વાતો યાદ આવતી હતી કે કોઈ લોકો. એવુ થાય પણ કઈ રીતે. કારણકે તે સુધાકર હતો જ નહી. એવામાં સ્વાતિ અને રાજેશે એક વધુ પ્લાન બનાવ્યો. હવે સ્વાતિ અને રાજેશે યાદદાશ્ત પર અસર થવાનું નાટક પણ શરૂ કર્યું. તેમછતા સુધાકરના માબાપનો શક વધતો રહ્યો. તેમને લાગી રહ્યું હતું કે તે તેમનો દિકરો નથી , પણ દિલ માનવા તૈયાર ન હતું. અંતે રાજેશે એક એવો પુરાવો છોડી દીધો જેનાથી તેમના તમામ પ્લાન પર પાણી ફરી વળ્યું. એક દિવસ હોસ્પિટલમાંથી રાજેશને મટન સુપ આપવામાં આવ્યો. રાજેશે ઈંકાર કર્યો. તેણે કહ્યું તે શાકાહારી છે. સ્વાતિ કદાચ રાજેશને કહેવાનું ભુલી ગઈ હતી કે સુધાકર માસાહારી હતો. તે સમયે હોસ્પિટલમાં સુધાકરનો એક સંબંધી બેઠો હતો. તેણે આ વાત સુધાકરના પિતાને જઈને કહી દીધી. હવે કેટલાક સંબંધીઓ અને સુધાકરના માતાપિતા એકસાથે રાજેશને મળવા હોસ્પિટલ પહોંચ્યા.

તેમણે રાજેશને સુધાકરની એ વોતો કરી જે એકદમ ખાનગી હતી. આ વાતો અંગે સુધાકરને ખબર હતી, અથવા તેના સંબંધીઓ અને પત્ની સ્વાતિને. રાજેશે દરેક વાતનો ગોળગોળ જવાબ આપ્યો. તેની પોલ ખૂલી ગઈ હતી. પંરતુ સુધાકરના પિતા કે સંબંધીઓએ તે જાહેર ન કર્યું. તમામ લોકો એવું કહીને નીકલી ગયા કે બધુ સારૂ થઈ જશે.

અહીંથી નીકલીને સુધાકરના પિતા તેમના અન્ય દિકરા સાથે પોલીસ પાસે પહોંચ્યા. પોલીસે સ્ટોરી સાંભળી તો તે પણ ચોંકી ઉઠ્યા. પોલીસ તો એ શોદી રહી હતી કે સુધાકર પર તેજાબ કોણે અને કેમ ફેંક્યો. પરંતુ અહીં તો આખી સ્ટોરી જ અલગ નીકળી.

પોલીસે હવે રાજેશના ફિંગરપ્રિન્ટ લીધા. આધારકાર્ડથી તે મેળવવામાં પોલીસને બહુ વાર ન લાગી. બાદમાં જ્યાં સુધાકર પર તેજાભ પેંકાયો હતો તે જગ્યાની તપાસ કરી. અહીં લાગેલા સીસીટીવીમાં ૨૮ નવેમ્બરની ઘટના રેકોર્ડ થઈ ગઈ હતી. ફૂટેજમાં સ્વાતિ અને રાજેશ સાફ સાફ પોતાના કાવતરાને અંજામ આપતા દેખાયા. પહેલા બન્નેએ એકબીજાને ગળે લગાવ્યા અને બાદમાં સ્વાતિએ રાજેશનો ચહેરો તેજાબથી સળગાવી દીધો.

પોલીસે તાત્કાલક સ્વાતિને અટકમાં લીધી.પોલીસે લાલ આંખ કરતા સ્વાતિ તૂટી ગઈ અને આખી સ્ટોરી પોલીસને જમાવી દીધી. તે ૧૦ ડિસેમ્હર ૨૦૧૭ નો દિવસ હતો જ્યારે પોલીસે સ્વાતિની ધરપકડ કરી. સારવાર બાદ રાજેશની પણ પોલીસે ધરપકડ કરી. બન્ને હવે જેલમાં છે અને પોતાના ગુનાની સજા ભોગવી રહ્યા છે.

'પત્નીએ બેરોજગાર પતિને ભરણ પોષણ ચૂકવવું જોઈએ...' : બોમ્બે હાઈકોર્ટે

બોમ્બે હાઈકોર્ટે નીચલી અદાલતના નિર્ણયને માન્ય રાખ્યો છે જેમાં પત્નીને તેના બેરોજગાર પતિને દર મહિને ૧૦,૦૦૦ નું ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ નિર્ણય પરંપરાગત કાનૂની માન્યતાને પડકારે છે જ્યાં પતિને સામાન્ય રીતે પત્નીને ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપવામાં આવે છે. નીચલી કોર્ટના આદેશને પડકારતી પત્નીની અરજીના જવાબમાં હાઈકોર્ટનો આ નિર્ણય આવ્યો છે. મહિલાનો પતિ પણ તબીબી બિમારીઓથી પીડિત છે, તેને ૧૦,૦૦૦નું માસિક ભરણપોષણ ભથ્થું ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેથી, વૈવાહિક વિવાદની કાર્યવાહી દરમિયાન, જો કોઈ પક્ષ પોતાને જાળવવામાં અસમર્થ હોય, તો તે બીજા પક્ષ પાસેથી ભરણપોષણની માંગ કરી શકે છે. આ કિસ્સામાં, પત્નીને તેના બેરોજગાર પતિને ભરણપોષણ ચૂકવવાનો પ્રારંભિક આદેશ કલ્યાણની એક અદાલત દ્વારા ૧૩ માર્ચ, ૨૦૨૦ ના રોજ જારી કરવામાં આવ્યો હતો. આ સૂચનાને પડકારતાં પત્નીએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે તે ભરણપોષણ ચૂકવવામાં અસમર્થ છે.પત્નીએ કહ્યું- મેં રાજીનામું આપી દીધું છે ખરેખર, પત્નીએ કહ્યું છે કે તેણે બેંકના બ્રાન્ચ મેનેજરના પદ પરથી રાજીનામું આપી દીધું છે, મહિલાએ બેરોજગાર હોવાના તેના દાવાના સમર્થનમાં ૨૦૧૯નો રાજીનામું પત્ર બતાવ્યું હતું. જો કે નીચલી અદાલતે સ્વીકાર્યું હતું કે પત્ની હોમ લોન ચૂકવી રહી છે અને તેના સગીર બાળકનો ખર્ચ પણ ઉઠાવી રહી છે, તો તેણે આ ખર્ચ કયા સ્ત્રોતથી પૂરો થઈ રહ્યો છે તે વિશે જણાવવું જોઈએ. કલ્યાણની કોર્ટે કહ્યું હતું કે, બેંકમાંથી રાજીનામું આપ્યા પછી પણ પત્ની કમાણી કરતી હતી અને તેની પાસે આવકનો સ્ત્રોત હતો.મામલો વર્ષ ૨૦૧૬નો છે મામલો એવો હતો કે વર્ષ ૨૦૧૬માં પતિએ છૂટાછેડા માટે અરજી કરી હતી. પત્ની અને પતિએ એકબીજા પાસેથી વચગાળાના ભરણપોષણની માંગણી કરતી અરજીઓ કરી હતી, જ્યારે ટ્રાયલ કોર્ટે પત્નીની અરજીને ફગાવી દીધી હતી, તેણે પતિની અરજીને મંજૂરી આપી હતી, જેમાં પત્નીએ પતિને ૧૦,૦૦૦ ની રકમ ચૂકવવાની હતી. ચૂકવણી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. કારણ કે પતિએ કહ્યું હતું કે પત્ની બેંકમાં દર મહિને ૬૫,૦૦૦ જેટલી કમાણી કરતી હતી.

અભિનેત્રી નોરા ફતેહીએ નારીવાદ વિશે ખુલીને વાત કરી

મુંબઈ, બોલિવૂડ એક્ટ્રેસ નોરા ફતેહીએ પોતાના કામથી ઈન્ડસ્ટ્રીમાં પોતાની ખાસ જગ્યા બનાવી છે. પોતાના ડાન્સથી નોરાએ મોટી અભિનેત્રીઓને પાછળ છોડી દીધી છે. 'મડગાંવ એક્સપ્રેસ'માં નોરાના કામે બધાને પ્રભાવિત કર્યા છે. ફિલ્મને ભલે સારો પ્રતિસાદ ન મળ્યો હોય, પરંતુ બધાએ સ્ટાર્સના કામના વખાણ કર્યા છે. તાજેતરમાં નોરા ફતેહીએ ઘણા મુદ્દાઓ પર ખુલીને વાત કરી છે. બોલિવૂડ કપલ્સની સાથે તેણે ફેમિનિઝમ અંગે પણ પોતાનો અભિપ્રાય રજૂ કર્યો હતો. ધ રણવીર શો દરમિયાન, નોરાએ નારીવાદ વિશેના તેના વિચારો દરેક સાથે શેર કર્યા. નોરા કહે છે કે તેને કોઈની જરૂર નથી અને તે નારીવાદ જેવા વિચારોમાં માનતી નથી. અભિનેત્રી કહે છે કે તે ઈચ્છે છે કે મહિલાઓ કામ પર જાય, પોતાનું જીવન જીવે અને સ્વતંત્ર બને. પરંતુ બધું એક મર્યાદામાં. નોરાએ કહ્યું, પોતાના નિવેદનનું સમાપન કરતાં અભિનેત્રીએ કહ્યું કે આ વિચાર સંપૂર્ણપણે સ્વતંત્ર રહેવાનો છે, લગ્ન કરવાનો નથી, બાળકો પેદા કરવાનો નથી. એવા ઘરોમાં જ્યાં સ્ત્રી અને પુરૂષ વચ્ચેની ગતિશીલતાને સત્ય તરીકે સ્વીકારવામાં આવતી નથી, જ્યાં પુરૂષ પ્રદાતા છે અને સ્ત્રી પાલનપોષણ કરનાર છે. તેણી આવા લોકો પર વિશ્વાસ કરતી નથી. નોરાએ વધુમાં કહ્યું હતું કે, તેણીને લાગે છે કે મહિલાઓ પાલનપોષણ કરતી હોય છે, પરંતુ તેઓએ જઈને કામ કરવું જોઈએ અને પોતાનું જીવન જીવવું જોઈએ અને સ્વતંત્ર રહેવું જોઈએ. પરંતુ આ બધું એક હદ સુધી. તેણીએ માતા, પત્ની અને પાલનપોષણની ભૂમિકા ભજવવા માટે પણ તૈયાર રહેવું જોઈએ. જેમ કે માણસે પ્રદાતા, રોટલી આપનાર, પિતા અને પતિ તરીકે તેની ભૂમિકા ભજવવા માટે તૈયાર હોવું જોઈએ. નોરાએ આગળ કહ્યું કે ઘણા લોકો આને જૂની અથવા પરંપરાગત વિચારસરણી કહે છે, પરંતુ તેમના મતે આ વિચારવાની સામાન્ય રીત છે.

પૈસા કમાવવાના નવા રસ્તા શોધવા વિશે વાત કરતી વખતે દિવ્યાંકાએ શું કહ્યું?

મુંબઈ, ફેમસ ટીવી એક્ટ્રેસ દિવ્યાંકા ત્રિપાઠી ટૂંક સમયમાં સોની લિવની વેબ સિરીઝ 'અદ્રશ્યમ - ધ ઈનવિઝિબલ હીરોઝ'માં જોવા મળશે. આ સિરીઝમાં દિવ્યાંકાની સાથે 'જવાન' ફેમ એક્ટર એજાઝ ખાનને પણ કાસ્ટ કરવામાં આવ્યો છે. 'યે હૈ મોહબ્બતેં'થી લઈને 'ખતરોં કે ખિલાડી' સુધીના ઘણા શોની ટીઆરપી વધારનારી દિવ્યાંકા હાલમાં ટીવીની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાંની એક છે. જો કે, કોઈપણ ગોડફાધર વિના ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવનાર ભોપાલની આ દીકરી માટે આ સફર બિલકુલ સરળ ન હતી. પોતાના સંઘર્ષ વિશે વાત કરતા દિવ્યાંકા ત્રિપાઠીએ એક મીડિયા પોર્ટલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું, ‘‘મેં અહીં સુધી પહોંચવા માટે ખૂબ જ મહેનત કરી છે. પણ આ આખી સફરમાં મને એટલું જ યાદ આવ્યું કે તારે તારી આશા જીવંત રાખવાની છે. અને હંમેશા પ્રયત્ન કરતા રહો. મારા જીવનમાં એક એવો સમય આવ્યો જ્યારે મારે મારી જાતને જીવંત રાખવા માટે કામ કરવું પડ્યું. હું ઓછામાં ઓછું એટલું કામ મેળવવાની કોશિશ કરતી હતી કે હું તેમાંથી ૨૦૦૦ થી ૫૦૦૦ રૂપિયા કમાઈ શકું. કારણ કે તે પૈસાથી હું મારું રાશન ખરીદી શકીશ. અને મારું બિલ ચૂકવવામાં આવે છે." પૈસા કમાવવાના નવા રસ્તાઓ શોધવા વિશે વાત કરતા દિવ્યાંકાએ કહ્યું કે હું પણ ટૂથપેસ્ટના બોક્સ કલેક્ટ કરતી હતી, તેનો એક રૂપિયો ખર્ચ થતો હતો, હું આ બોક્સ ભેગી કરીને રાખતી હતી જેથી જ્યારે પણ મને જરૂર પડતી ત્યારે હું તેનો ઉપયોગ કરી શકું ભંગારમાંથી પૈસા કમાઈ શકો છો. જ્યારે મેં ‘બનો મેં તેરી દુલ્હન’ સાઈન કરી, ત્યારે મેં ઘરે પૈસા બચાવવાનું શરૂ કર્યું.

'પુષ્પા ૨'ને લઈ નવી અપટેડ સામે આવી

મુંબઈ, સુપરસ્ટાર અલ્લુ અર્જુનની અપકમિંગ ફિલ્મ પુષ્પા ૨ને લઈ સતત લાઈમલાઈટમાં રહે છે. પુષ્પાની શાનદાર સફળતા બાદ ફિલ્મના બીજા પાર્ટનો ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હવે આ રાહ પુરી થવાની છે. ૮ એપ્રિલના રોજ સુપરસ્ટારનો જન્મદિવસ હતો અને આજ દિવસે પુષ્પા ૨નું ટીઝર શેર કર્યું હતુ. ફિલ્મના ટીઝરને જોઈ ચાહકોનો ઉત્સાહ વધ્યો છે. આ વચ્ચે ફિલ્મને લઈ નવી અપટેડ સામે આવી છે. મળતી જાણકારી મુજબ ટી-સીરિઝે પુષ્પા ૨ના ઓડિયો રાઈટ્સ પોતાના નામે કર્યા છે. ભૂષણ કુમારની કંપનીએ તમામ ભાષાઓમાં મ્યુઝિક રાઈટ્સ પર અંદાજે ૬૦ કરોડ રુપિયાનો ખર્ચો કર્યો છે. આવું પહેલી વખત થયું છે જ્યારે અલ્લુ અર્જુનની કોઈ ફિલ્મના ગીતોના રાઈટ્સ માટે આટલી મોટી રકમ થઈ હોય. માનવામાં આવી રહ્યું છે કે, ફિલ્મના ગીત શાનદાર હશે. અને ફિલ્મમાં એક-બે આઈટમ ગીત પણ હશે. આ સિવાય એવા પણ સમાચાર છે કે, પુષ્પા ૨માં ૬ મિનિટના એક સિક્વન્સ છે. નિર્માતાઓએ તેને શૂટ કરવામાં ૧૦ દિવસનો સમય લીધો હતો. ૧૦ દિવસના શૂટિંગ બાદ પરફેક્ટ સીન શૂટ થયો હતો. આ સીન ખુબ ખાસ રહેશે. આ સીન પર મેકર્સે ૬૦ કરોડ રુપિયાનો ખર્ચો પણ કર્યો છે. અલ્લુ અર્જુનની આ ફિલ્મ મોટા બજેટની છે.

બિહારમાં એનડીએ હોય કે મહાગઠબંધન, દરેક બળવાખોર રમવા તૈયાર

બિહાર,

બિહારમાં ગરમી ચરમસીમાએ છે. એપ્રિલ મહિનો જૂન જેવો ગરમ છે. અહીં રાજકીય તાપમાન પણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. હવે બળવાખોરોએ રાજકીય પક્ષોને પરસેવો પાડી દીધો છે. એનડીએ હોય કે મહાગઠબંધન, દરેક બળવાખોર રમવા તૈયાર છે. બિહારમાં એવી ઘણી બેઠકો છે, જ્યાં બળવાખોરો એનડીએ-મહાગઠબંધનનું સંતુલન બગાડે છે. વાસ્તવમાં, અપક્ષો વિશે એવું કહેવાય છે કે તેમની પાસે ન તો ધ્વજ છે કે ન તો બંદા, તેથી તેમનો બહુ પ્રભાવ નથી. પરંતુ બિહારમાં ઘણી જગ્યાએ બળવાખોરો મજબૂત છે. મુખ્ય સ્પર્ધા પૂર્ણિયા, નવાદા, સિવાન, કરકટમાં આવી છે. બિહારના રાજકારણમાં આ દિવસોમાં પૂર્ણિયા લોકસભા સૌથી વધુ ચર્ચામાં છે. કારણ પપ્પુ યાદવ. આ એ જ પપ્પુ યાદવ છે જેની સાથે લાલુ યાદવ અઠવાડિયા પહેલા રમ્યા હતા. ત્યારે પપ્પુ યાદવ વિશે કહેવામાં આવી રહ્યું હતું કે લાલુએ એવી યુક્તિ રમી કે પપ્પુની હાર થઈ. રાજકીય વિજ્ઞાનીઓ પપ્પુ યાદવની રાજનીતિના અંતની વાત કરવા લાગ્યા. લાલુ યાદવનો દાવો બેકફાયર થતો જોવા મળી રહ્યો છે. પપ્પુએ પૂર્ણિયાથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી છે અને ત્યાં તેમને ઘણું સમર્થન મળી રહ્યું છે. પપ્પુ યાદવ લાલુ યાદવ પર પ્રહારો કરી રહ્યા છે અને કહી રહ્યા છે.

આ મારી રાજકીય રીતે હત્યા કરવાનું કાવતરું હતું. પરંતુ પૂર્ણિયાના લોકોએ હંમેશા પપ્પુ યાદવને જાતિથી ઉપર રાખ્યો છે. દરેકનો અવાજ એક જ છે - પપ્પુ અને પૂર્ણિયા. ઈન્ડિયા એલાયન્સ સામે ચૂંટણી લડી રહેલા પપ્પુ યાદવ રાહુલ ગાંધીને મજબૂત કરવાની વાત કરી રહ્યા છે. બિહારના વરિષ્ઠ પત્રકારોનું કહેવું છે કે લાલુ યાદવે પપ્પુ યાદવને હળવાશથી લેવાની ભૂલ કરી હતી. તેની સાથે જે રીતે વ્યવહાર કરવામાં આવ્યો તે પછી પણ પૂર્ણિયાના લોકોની સહાનુભૂતિ તેની સાથે જોવા મળે છે. અન્ય જિલ્લાના યાદવો પણ તેમની સાથે સહાનુભૂતિ રાખવા લાગ્યા છે. ભવિષ્યની ખબર નથી પણ અત્યારે ચૂંટણી થાય તો પપ્પુ યાદવ બે લાખથી વધુ મતોથી જીતવામાં સફળ થશે. પપ્પુ યાદવે પૂર્ણિયા ચૂંટણી બાદ હિના શહાબ માટે સિવાનમાં કેમ્પ કરવાની વાત કરી છે. જેમ મુસ્લિમો સિવાનમાં શહાબુદ્દીન પરિવાર સાથે છે તેમ યાદવો પૂર્ણિયામાં પપ્પુ સાથે છે. કોઈપણ રીતે, આંકડો પૂર્ણિયામાં યાદવ અને ગંગૌતામાં છત્રીસનો છે. પપ્પુ યાદવ અને આરજેડી વચ્ચેની આ લડાઈમાં એનડીએના સંતોષ કુશવાહાને ફાયદો થઈ શકે છે. નવાદામાંથી પણ મહાગઠબંધન માટે કોઈ સારા સમાચાર નથી. લાલુ યાદવે અહીં સતત ત્રણ ચૂંટણી હારેલા ઉમેદવાર પર જુગાર રમ્યો છે. રાજવલ્લભને નારાજ કરીને લાલુએ શ્રવણ કુશવાહ પર જુગાર ખેલ્યો છે.

પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન

એડી કરંટ એરે ટેસ્ટિંગનું કામ

(1) ટેન્ડર નોટિસ નં.: M-2024-02-ECA-1, તા.11-04-2024; (2) કામનું નામ: C&W ડેપો RJT, HAPA અને OKHA ખાતે LHB કોચ વ્હીલ સેટ પર સરફેસ ડિફેક્ટ ડિટેક્શન માટે એડી કરંટ એરે ટેસ્ટિંગનું કામ બે વર્ષ માટે; **(3) અંદાજીત ખર્ચ:** ₹ 4523959.68 **(4) અર્નેસ્ટમની:** ₹ 90500/-; **(5) ટેન્ડર જમા કરાવવાની તારીખ અને સમય:** 03.05.2024 (15.00 કલાક સુધી); **(6) ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે અને નોટિસ બોર્ડનું સ્થળ:** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનીકલ), પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝન, રાજકોટ-360001; **(7) વેબસાઈટની વિગત: www.ireps.gov.in** 001

અમને લાઈક કરો: facebook.com/WesternRly

WESTERN RAILWAY-RAJKOT DIVISION

DEVELOPMENT OF GATI SHAKTI MULTI-MODEL CARGO TERMINAL

Tender Notice No.: WR-RJT0COMM (GCT)/1/2024-508240 date: 12/04/2024; (1) Description of work: Development of Gati Shakti Multi-modal Cargo Terminal (GCT) In - front of Gorinja station Entirely on Railway Land; **(2) Contract period:** 35 years; **(3) Incentive to the tenderer:** The incentive shall be in the form of a share in Terminal Charges (TC) and Terminal Access Charges (TAC). As per GCT policy; **(4) Parameters of Selection:** Eligible bidders giving maximum share of TC and TAC will be awarded the Contract; **(5) Estimated Cost of Project Work (excluding cost of the land):** ₹ 20,61,64,450/- (Rupees Twenty Crore Sixty One Lac Sixty Four Thousand Four Hundred Fifty Only); **(6) Earnest Money Deposit:** ₹ 2,06,16,500/- (Rupees Two Crore Six Lac Sixteen Thousand Five Hundred Only) (As applicable on IREPS website); **(7) Last date of submission of Tender:** 10/05/2024 at 15:00 hours; **(8) Date of opening of tender:** 10/05/2024 at 15:30 hours; **(9) Website:** www.ireps.gov.in; **(10) Office address:** Sr. Divisional Commercial Manager, Rajkot-Division, Western Railway, DRM Office, Kothi Compound, Rajkot-360 005.

Like us on: facebook.com/WesternRly 002

ફોર્મ એ

જાહેર જાહેરાત

(ઇનસોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (કોર્પોરેટ પર્સન્સ માટે નાદારી ઠરાવ પ્રક્રિયા) નિયમો 2016 ના નિયમન 6 હેઠળ)

ક્યુપિડ એસ્ટેટકોન પ્રાઈવેટ લિમિટેડના લેણદારોના ધ્યાન માટે

	સંબંધિત વિગતો	
1.	કોર્પોરેટ દેવાદારનું નામ	ક્યુપિડ એસ્ટેટકોન પ્રાઈવેટ લિમિટેડ
2.	કોર્પોરેટ દેવાદારના સમાવેશની તારીખ	15.11.2006
3.	ઓથોરિટી કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદારનો સમાવેશ થાય છે / નોંધાયેલ છે	રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, અમદાવાદ
4.	કોર્પોરેટ દેવાદારની કોર્પોરેટ ઓળખ નંબર / મર્યાદિત જવાબદારી ઓળખ નંબર	U45202DN2006PTC000209
5.	કોર્પોરેટ દેવાદારની રજિસ્ટર્ડ ઓફિસ અને મુખ્ય અધિકારી (જો કોઈ હોય તો) નું સરનામું	કમલેશભાઈ કી ચૌલ, બ્લોક - બી, નંબર 1, સમરાની, સિલવાસા, દાદરા અને નગર હવેલી, ભારત - 396230.
6.	કોર્પોરેટ દેવાદારના સંદર્ભમાં નાદારીની શરૂઆતની તારીખ	ઓર્ડરની તારીખ 16.04.2024 (ઈમેઈલ ફોર્મ E-filing@nclt.gov.in 16/04/2024 ના રોજ પ્રાપ્ત થયું છે, ઓર્ડરની પ્રમાણિત નકલની રાહ જોવામાં આવે છે)
7.	ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા બંધ થવાની અંદાજિત તારીખ	13.10.2024 (નાદારી શરૂ થવાની તારીખથી 180 દિવસ એટલે કે ઓર્ડર પ્રાપ્ત થવાની તારીખ)
8.	ઇન્સોલ્વન્સી પ્રોફેશનલનું નામ અને નોંધણી નંબર જે વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરે છે	મોદીલાલ ધરનરાજ પમેચા રજી. નંબર IBBI/IPA-001/IP-P01231/2018-2019/12127AFA 25.09.2024 સુધી માન્ય
9.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલનું સરનામું અને ઈમેલ, જેમ કે બોર્ડમાં નોંધાયેલ છે	camodilalpamecha@gmail.com
10.	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથેના પત્રવ્યવહાર માટે સરનામું અને ઈમેલનો ઉપયોગ કરવો	સરનામું: C-802, પદમરાગ, જેબી નગર અંધેરી (ઈ), મુંબઈ - 400059, મહારાષ્ટ્ર. ઈમેઈલ: circupidestatecon@gmail.com
11.	દાવાઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ	30.04.2024 (ઓર્ડરની તારીખથી 14 દિવસ)
12.	લેણદારોના વર્ગો, જો કોઈ હોય તો, કલમ 21 ની પેટા-કલમ (6A) ની કલમ (b) હેઠળ, વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ દ્વારા નિશ્ચિત	N.A.
13.	એક વર્ગમાં લેણદારોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કામ કરવા માટે ઓળખાયેલ નાદારી વ્યાવસાયિકોનું નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ)	N.A.
14.	(A) સંબંધિત સ્વરૂપો અને (b) અધિકૃતની વિગતો પ્રતિનિધિઓ પર ઉપલબ્ધ છે	વેબ લિંક: http://www.ibbi.gov.in/home/downloads ભૌતિક સરનામું: લાગુ પડતું નથી

આથી સૂચના આપવામાં આવે છે કે નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ અમદાવાદ બેન્ચે 16.04.2024 ના રોજ ક્યુપી એસ્ટેટકોન પ્રાઈવેટ લિમિટેડની કોર્પોરેટ નાદારી રિઝોલ્યુશન પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે.

ક્યુપિડ એસ્ટેટકોન પ્રાઈવેટ લિમિટેડના લેણદારોને આથી 30.04.2024 ના રોજ અથવા તે પહેલાં તેમના દાવાઓ પુરાવા સાથે સબમિટ કરવા માટે આહવાન કરવામાં આવે છે કે વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલની નિમણૂકના ચૌદ દિવસ પછીની તારીખે એન્ટ્રી નંબર 10 સામે ઉલ્લેખિત સરનામું વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલને આપવામાં આવે છે.

નાણાકીય લેણદારોએ માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી જ પુરાવા સાથે તેમના દાવા સબમિટ કરવાના રહેશે. અન્ય લેણદારો વ્યક્તિગત રીતે, પોસ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોન માધ્યમ દ્વારા પુરાવા સાથે દાવા સબમિટ કરી શકે છે.

એન્ટ્રી નંબર 12 ની સામે સૂચિબદ્ધ તરીકે વર્ગ સાથે સંબંધિત નાણાકીય લેણદાર, CA માટે વર્ગ [વર્ગ સ્પષ્ટ કરો] ના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે એન્ટ્રી નંબર 13 સામે સૂચિબદ્ધ ત્રણ નાદારી વ્યાવસાયિકોમાંથી અધિકૃત પ્રતિનિધિની પસંદગી સૂચવે છે.

દાવાના ખોટા અથવા ભ્રામક પુરાવા સબમિટ કરવા પર દંડ લાગશે.

તારીખ: 17/04/2023
સ્થળ: મુંબઈ

મોદીલાલ ધનરાજ પમેચા
(વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ)

જાહેર નોટીસ

ICICI Home Finance

રજી. ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક ટૉવર્સ, બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ ૪૦૦૦૫૧.

બ્રાંચ બંધ

માસ્ટર નિર્દેશન નૉન-બેંકિંગ ફાયનાન્સીયલ કંપની- હાઉસિંગ ફાયનાન્સ કંપની (રિઝર્વ બેંક) નિર્દેશન, ૨૦૨૧ ના ફકરા ૩૯ની શરતોના સંદર્ભમાં, અહીં નોટિસ આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડએ આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ, ઉજો માળ, ઓફિસ નં. -૩૨૩, સિટચી સેન્ટર (લાભ-II) એમ.પી. શાહ આર્ટસામે, અને સાયંસ કૉલેજ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧ ખાતે આવેલી શાખાન વ્યવસાયની પુનઃપ્રાપ્તિના પરિણામે બંધ કરવાનો પ્રસ્તાવ મુક્યો છે. અમારી સમીપની બ્રાન્ચ એટ્ આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ ઉજો માળ, ૧૫૦ ફિટ રીંગ રોડ, રાઓયા ટેલિફોન એક્સચેન્જ પાસે, રાજકોટ- ૩૬૦૦૦૭ માં સંપર્ક કરવો. **નિયમનકારી ધોરણો મુજબ ઉલ્લેખિત નોટિસ પીરિયડ પુરો થયા પછી શાખા કામ કરવાનું બંધ કરશે.**

આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કં. લિ. વતી
પ્રિયંકા શેટ્ટી
કંપની સેક્રેટરી

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન

(ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ)

પેસેન્જર લિફ્ટનો વાર્ષિક કોમ્પ્રિહેન્સીવ મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ અને ઈલેક્ટ્રિકલ કાર્ય

ઈ-ટેન્ડર - નોટિસ નં. Sr. DEE/ADI/02(24-25) તા. 12.04.2024

અનુ નં.	ટેન્ડર નં.	કામનું નામ	અંદાજીતખર્ચ	અર્નેસ્ટ મની
1.	EL-50-1-ADI-T -03-2024-25	સામખિયાળી સ્ટેશન પર પ્લેટફોર્મ 1 અને 2-3 માટે 02 નંગ પેસેન્જર લિફ્ટનો વાર્ષિક કોમ્પ્રિહેન્સીવ મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ 03 વર્ષના સમયગાળા માટે.	₹ 12,91,865.52/-	₹ 25,800/-
2.	EL-50-1-ADI-T -04-2024-25	કોમ્યુનિટી હોલ,સાબરમતીના ટોરેન્ટ પાવર એલટીના કનેક્શનના રિલીઝીંગ સાથે સંબંધિત ઈલેક્ટ્રિકલ કાર્ય.	₹ 1,34,935/-	₹ 2,700/-
3.	EL-50-1-ADI-T -05-2024-25	અમદાવાદ ડિવિઝન - ડીઈએન (NW) એડીઆઈ ના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ વે સાઈડ સ્ટેશનોમાં ટેપ વોટર સપ્લાય અને અંડરગ્રાઉંડ ડ્રેનેજ સિસ્ટમની જોગવાઈ સાથે સંબંધિત ઈલેક્ટ્રિકલ કાર્ય.	₹ 11,93,746/-	₹ 23,900/-

તમામ ટેન્ડર માટે: જમા કરાવવાની તારીખ અને સમય: તા 10.05.2024 ના 15:00 કલાક સુધી; **ખોલવાની તારીખ અને સમય:** તા. 10.05.2024 ના 15:30 કલાકે; **ઓફિસનું સરનામુ:** સિનિ. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પ.રે.) ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345; **વેબસાઈટ વિગત: www.ireps.gov.in** 325

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Bank | **બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલએસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪**

આથી

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / સાંકેતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ/ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
૧.	ભરત એમ બોરીચા અને દિલહરબેન બી બોરીચા અને મેરામભાઈ એસ બોરીચા અનેએઈબાબેન એમ બોરીચા-LBRJL00005055758 & LBBVR00005327996	સિટી સર્વે નં. ૩૪૮, હરી દીપક ટ્રાંસપોર્ટ ઢેબર રોડ,સી. એસ વાર્ડ નં. ૮, ડિસ્ટ. રાજકોટ સિટી-૩૬૫૬૦૧/૧૨ એપ્રિલ, ૨૦૨૪.	૨૬ ડિસેમ્બર, ૨૦૨૩ રૂા. ૧,૪૭,૧૦,૧૪૫/-	રાજુલા
૨.	સંદીપ આર અગરવાલ અને પારૂલ સંદીપ અગરવાલ, વિનય કુમાર અગરવાલ, રેખા વિનય અગરવાલ, અનિલ આર અગરવાલ અને મોનિકા અનિલ અગરવાલ- LBSUR00003466337& LBSUR00005304904 & LBSUR00003466336.	શૉપ નં. ૬૪૦ અને ૬૪૧, અપર ગ્રાઉન્ડ ફ્લોર કોહિનૂર ટેક્ષટાઈલ માર્કેટ, રીંગ રોડ, સી.એસ. વાર્ડ નં. ૩, નોંધ નં. ૨૧૫૭/કે , ૨૧૫૭/એ, ૨૧૫૭/બી, ૨૧૫૮-એ/૨/એ, સાલબતપુરા, ચૌર્યાસી, સુરત- ૩૯૫૦૦૨/ ૧૨ એપ્રિલ, ૨૦૨૪.	૦૧ જાન્યુઆરી, ૨૦૨૪ રૂા. ૧,૦૮,૩૦,૬૪૪.૨૧/-	સુરત.

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ :૧૭ એપ્રિલ,૨૦૨૪
સ્થળ : અમરેલી અને રાજકોટ અને સુરત

ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ.